સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 09


FEBRUARY-2024

25-02-24 To 02-03-24

:::::: સંપાદક ::::::
મૌલિક ગોંધિયા




















સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**25 FEB-2024**

- કિસાન આંદોલન 2.0 અને MSP (Farmers Protest 2.0 and MSP) ..... 02
- દુબઈમાં ભારત માર્ટ લોન્ચ કરવામાં આવ્યું ..... 04
- સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ ફલી નરીમાનનું નિધન ..... 05
- QUESTION ANSWERS ..... 06

**26 FEB-2024**

- દેશના સૌથી લાંબા કેબલ બ્રિજ સુદર્શન સેતુનું લોકાર્પણ ..... 07
- રાજકોટમાં ગુજરાતની પ્રથમ AIIMSનું ઉદ્‌ઘાટન ..... 08
- રાણી ચેન્નમ્મા ..... 09
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના (PM-KISAN)ના 5 વર્ષ પૂર્ણ ..... 10
- QUESTION ANSWERS ..... 11

**27 FEB-2024**

- દિવસ મહિમા : 27 ફેબ્રુઆરી, World NGO Day, રાષ્ટ્રીય પ્રોટીન દિવસ ..... 12
- રાયસીના ડાયલોગ (Raisina Dialogue) ..... 12
- INDUS-X Summit 2024 ..... 14
- QUESTION ANSWERS ..... 16

**28 FEB-2024**

- દિવસ મહિમા : 28 ફેબ્રુઆરી, રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (National Science Day) ..... 17
- ધર્મ ગાર્ડિયન : ભારત-જાપાન ..... 17
- ગગનયાન મિશનના ચાર અવકાશયાત્રીઓના નામ જાહેર ..... 18
- અદાણી જૂથે સ્થાનિક દારૂગોળો અને મિસાઈલ ઉત્પાદન સુવિધાનું અનાવરણ કર્યુ ..... 18
- Krutrim : ભારતનું પ્રથમ AI યુનિકોર્ન ચેટબોટ ..... 19
- QUESTION ANSWERS ..... 20

**29 FEB-2024**

- શ્રી મોરારજી દેસાઈ જન્મજયંતિ ..... 21
- ભારત ટેક્સ-2024 ..... 22
- BioAsia Summit 2024 ..... 23
- QUESTION ANSWERS ..... 24

**01 MAR-2024**

- વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ (World Civil Defence Day), શૂન્ય ભેદભાવ દિવસ (Zero Discrimination Day), સ્વ-ઈજા જાગૃતિ દિવસ ..... 25
- લોકપાલના નવા અધ્યક્ષ તરીકે જસ્ટિસ અજય માણિકરાવ ખાનવિલકરની નિમણૂક ..... 25
- QUESTION ANSWERS ..... 29

**02 MAR-2024**

- ત્રિપક્ષીય અભ્યાસ ‘દોસ્તી’ : ભારત-માલદીવ-શ્રીલંકા ..... 30
- નૌકાદળની બહુપક્ષીય કવાયત 'MILAN 2024' ..... 30
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે પશુ કલ્યાણ માટે ‘વંતારા’ પહેલ શરૂ કરી ..... 31
- FATF ગ્રે લિસ્ટમાંથી UAE બહાર ..... 32
- QUESTION ANSWERS ..... 33

**ONE LINER** ..... 34

**QUESTION OF THIS WEEK** ..... 38


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કિસાન આંદોલન 2.0 અને MSP (Farmers Protest 2.0 and MSP)

પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશના ખેડૂતો 'દિલ્હી ચલો' વિરોધમાં દિલ્હી તરફ કૂચ કરી રહ્યા છે.

- પંજાબ અને હરિયાણાના ખેડૂતોને દિલ્હી તરફ જતા રસ્તા પર શંભુ બોર્ડર સહિત અન્ય જગ્યાઓએ પડાવ નાખ્યો છે અને આંદોલન કરી રહ્યા છે.
- ખેડૂતો લઘુત્તમ ટેકાના ભાવ (MSP) માટે કાયદાકીય ગેરંટી માંગી રહ્યા છે.
- નોંધનીય છે કે વર્ષ 2020માં ખેડૂતોને દિલ્હીની સરહદો પર સરકાર દ્વારા પસાર કરાયેલા ત્રણ કૃષિ કાયદાઓ સામે વિરોધ કર્યો હતો.
- જેના કારણે વર્ષ 2021માં તેને રદ કરવામાં આવ્યા હતા.
- દેશભરમાં થયેલા વ્યાપક વિરોધને કારણે વિવાદસ્પદ બનેલા ત્રણ કૃષિ કાયદાઓ નીચે મુજબના હતા :

(1) **The Farmer's Produce Trade and Commerce (Promotion and Facilitation) Act, 2020**
(ખેડૂત ઉત્પાદન વ્યાપાર અને વાણિજ્ય (સંવર્ધન અને સુવિધા) અધિનિયમ, 2020)

(2) **The Farmer's (Empowerment and Protection) Agreement on Price Assurance and Farm Services Act, 2020**
(ખેડૂત (સશક્તિકરણ અને સુરક્ષા) મૂલ્ય આશ્વાસન અને કૃષિ સેવાઓ અંગે કરાર અધિનિયમ, 2020)

(3) **The Essential Commodities (Amedment) Act, 2020**
(આવશ્યક ચીજ વસ્તુ (સંશોધન) અધિનિયમ 2020)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ખેડૂતોની મુખ્ય માંગ શું છે ?

ખેડૂતોની મુખ્ય માંગો નીચે મુજબની છે :

(a) તમામ પાક માટે MSP પર કાનૂની ગેરંટી

(b) સ્વામીનાથન કમિશન દ્વારા ભલામણ કરવામાં આવેલી 'સીટ પ્લસ 50 ટકા' ફોર્મ્યુલાનો અમલ

(c) લોન માફી

- ખેડૂતોના 12 પોઈન્ટ એજન્ડામાં મુખ્ય માંગ તમામ પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP)ની બાંયધરી આપતો કાયદો અને ડો.એમ.એસ. સ્વામીનાથન કમિશનના અહેવાલ અનુસાર પાકના ભાવો નક્કી કરવા માટેની છે.

- સ્વામીનાથન કમિશનનો અહેવાલ જણાવે છે કે સરકારે ઉત્પાદનની ભારિત સરેરાશ કિંમત કરત ઓછામાં ઓછા 50% વધુ MSP વધારવી જોઈએ.
- તેને C2 + 50 ફોર્મ્યુલા તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેમાં ખેડૂતોને 50% વળતર આપવા માટે મૂડીની અયોગ્ય કિંમત અને જમીન પરનું ભાડું (C2 કહેવાય છે)નો સમાવેશ થાય છે.
- ખેડૂતોની અન્ય માંગણીઓ નીચે મુજબ છે :

(1) ખેડૂતો અને મજૂરો માટે સંપૂર્ણ દેવું માફી

(2) 2013ના જમીન સંપાદન અધિનિયમનો અમલ, સંપાદન પહેલા ખેડૂતોની લેખિત સંમતિ માટેની જોગવાઈઓ અને કલેક્ટર દર કરતા ચાર ગણા વળતરની જોગવાઈઓ (કલેક્ટર રેટ એ લઘુત્તમ મૂલ્ય છે, જેના પર મિલકત ખરીદતી વખતે અથવા વેંચતી વખતે નોંધણી કરી શકાય છે)

(3) ખેડૂતો અને ખેત મજૂરો માટે પેન્શન

(4) વીજળી સુધારણા બિલ 2020 રદ કરવામાં આવે.

(5) ઓક્ટોબર, 2021 લખીમપુર ખેરી હત્યાકાંડના ગુનેગારો માટે સજા

(6) ભારતે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)માંથી ખસી જવું જોઈએ અને તમામ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ ફ્રીઝ કરવા જોઈએ.

(7) 2020માં દિલ્હી વિરોધ દરમિયાન મૃત્યુ પામેલા ખેડૂતો માટે વળતર, પરિવારના એક સભ્યને નોકરી સહિત.

(8) મનરેગા હેઠળ દર વર્ષે 200(100ને બદલે) દિવસની રોજગારી, 700 રૂપિયાનું દૈનિક વેતન અને યોજનાને ખેતી સાથે જોડવી જોઈએ.

(9) નકલી બિયારણો, જંતુનાશકો, ખાતરોનું ઉત્પાદન કરતી કંપનીઓ પર સખત દંડ અને વીજળી ગુણવત્તામાં સુધારો

(10) મરચા અને હળદર જેવા મસાલા માટે રાષ્ટ્રીય કમિશન

## MSP શું છે ?

ન્યૂનતમ ટેકાના ભાવ અથવા લઘુત્તમ ટેકાના ભાવ (Minimum Support Price-MSP) એ ખેડૂતોને ચૂકાવવામાં આવતી ગેરંટી રકમ છે, જ્યારે સરકાર તેમની ખેત ઉત્પાદન પેદાશો ખરીદે છે.

- MSPના આધારે સરકાર ખેડૂતો પાસેથી તેમનો પાક ખરીદે છે.
- MSP એ કૃષિ ખર્ચ અને કિંમતો કમિશન (CACP)ની ભલામણો પર આધારિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જે ઉત્પાદનની કિંમત, માંગ અને પુરવઠો, બજાર કિંમતના વલણો, આંતર–પાક કિંમત સમાનતા વગેરે જેવા વિવિધ પરિબળોને ધ્યાનમાં લે છે.
- CACP એ કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયની સંલગ્ન કચેરી છે, તે જાન્યુઆરી 1965માં અસ્તિત્વમાં આવ્યું હતું.
- ભારતના વડાપ્રધાનની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA) MSPના સ્તર પર અંતિમ નિર્ણય (મંજૂરી) લે છે.
- MSPનો ઉદ્દેશ્ય ઉત્પાદકોને તેમના ઉત્પાદન માટે લાભકારી ભાવો સુનિશ્ચિત કરવાનો અને પાક વૈવિધ્યકરણને પ્રોત્સાહિત કરવાનો છે.
- હાલ કેન્દ્ર સરકાર 22 પાક માટે MSP નક્કી કરે છે. જ્યારે શેરડી માટે Fair and Remunerative Price-FRP નક્કી કરવામાં આવે છે.

## દુબઈમાં ભારત માર્ટ લોન્ચ કરવામાં આવ્યું



ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફેબ્રુઆરી 2024માં યુનાઈટેડ આરબ અમીરાતની મુલાકાત લીધી હતી.

- આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને UAEના ઉપરાષ્ટ્રપતિ શ્રી મોહમ્મદ બિન રશિદ અલ મક્તુમએ દુબઈમાં 'ભારત માર્ટ'નો શિલાન્યાસ કર્યો હતો.
- ભારત માર્ટ એક વેરહાઉસિંગ સુવિધા છે જે ભારતીય MSME કંપનીઓ માટે ઉપલબ્ધ રહેશે.
- તે નિકાસને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.
- ભારત માર્ટ એ DP વર્લ્ડની સંયુક્ત પહેલ છે, જે દુબઈ સ્થિત બહુરાષ્ટ્રીય કંપની છે. તે લોજિસ્ટિક્સ, પોર્ટ ટર્મિનલ ઓપરેશન્સ અને મેરીટાઈમ સેવાઓમાં નિષ્ણાત છે.
- તેનું નિર્માણ જેબલ અલી ફ્રી ઝોન એટલે કે દુબઈના જાફઝામાં કરવામાં આવશે.
- 100,000 ચોરસ મીટરથી વધુમાં ફેલાયેલા આ માર્ટમાં વેરહાઉસ, રિટેલ, હોસ્પિટાલિટી, શોરૂમ, ઓફિસ વગેરે જેવી સુવિધાઓ હશે.
- ભારત માર્ટ હેઠળ એક ડિજિટલ પ્લેટફોર્મ બનાવવાની યોજના છે, જે વિશ્વભરના ખરીદદારોને એક જ જગ્યાએ તમામ પ્રકારના મેડ ઈન ઈન્ડિયા ઉત્પાદનો ખરીદવાની મંજૂરી આપશે.
- આ માર્કેટપ્લેસનો ઉદ્દેશ્ય પશ્ચિમ એશિયા, આફ્રિકા અને યુરેશિયન બજારોમાં અગ્રણી મધ્યપૂર્વ ટ્રાન્સ–શિપમેન્ટ કેન્દ્ર તરીકે UAEની સ્થિતિનો લાભ લઈને અને આ પ્રાદેશિક અર્થતંત્રો સાથે વેપાર સંબંધો સ્થાપિત કરીને નિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EX

## સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ ફલી નરીમાનનું નિધન

ભારતના જાણીતા ન્યાયશાસ્ત્રી અને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ ફલી સામ નરીમાનનું 21 ફેબ્રુઆરીના રોજ 92 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 10 જાન્યુઆરી, 1929ના રોજ બ્રિટિશ ભારત દરમિયાન બર્મા પ્રાંતના રંગૂન ખાતે થયો હતો.
- તેઓ 1971થી ભારતની સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ હતા.
- 1991થી 2010 સુધી ભારતના બાર એસોસિએશનના પ્રમુખ હતા.
- ફલી નરીમાન આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતાપ્રાપ્ત ન્યાયશાસ્ત્રી હતા.
- તેમણે 1972 થી 1975 દરમિયાન ભારતના અધિક સોલિસિટર જનરલ તરીકે સેવા આપી હતી.
- તેમણે 1999 થી 2005 દરમિયાન રાજ્યસભામાં નામાંકિત સભ્ય તરીકે સેવા આપી હતી.
- તેમને 1991માં પદ્મ ભૂષણ, 2007માં પદ્મ વિભૂષણ અને 2002માં ન્યાય માટે ગ્રુબર પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.





# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં ખેડૂત આંદોલન દરમિયાન MSP શબ્દ ચર્ચામાં રહ્યો હતો. આ MSPનું પૂરું નામ શું છે ?

(A) Minimum Support Price (B) Maximum Suitable Price

(C) Maximum Support Price (D) Minimum Suitable Price (A)

2. લઘુત્તમ ટેકાના ભાવ (MSP) શું છે ?

(A) જે ભાવે ખેડૂતો તેમના પાકને ફૂડ બિઝનેસ કંપનીઓને વેચે છે.

(B) જે ભાવે ત્યાંના સ્થાનિક લોકો ખેડૂત પાસેથી પાક ખરીદી શકે છે.

(C) સરકાર જે ભાવે ખેડૂતો પાસેથી અનાજ ખરીદે છે.

(D) પાકમાં નુકસાની થવા બદલ સરકાર તરફથી અપાતું વળતર (C)

3. પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) કોણ નક્કી કરે છે ?

(A) આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (B) ભારતની સંસદ

(C) કૃષિ ખર્ચ અને કિંમતો માટે કમિશન (D) નીતિ આયોગ (A)

4. તાજેતરમાં કયા સ્થળે 'ભારત માર્ટ'નો શિલાન્યાસ કરવામાં આવ્યો છે ?

(A) કાઠમંડુ (B) ટોક્યો (C) બેઇજિંગ (D) દુબઈ (D)

5. તાજેતરમાં શ્રી ફલી નરીમાનનું નિધન થયું છે. તેઓ કોણ હતું ?

(A) ન્યાયશાસ્ત્રી અને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ

(B) ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી

(C) ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકાર

(D) બોલીવૂડના પ્રસિદ્ધ ગાયક (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દેશના સૌથી લાંબા કેબલ બ્રિજ સુદર્શન સેતુનું લોકાર્પણ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 25 ફેબ્રુઆરી, 2024ના રોજ ઓખા અને બેટ દ્વારકાને જોડતા દેશના સૌથી લાંબા કેબલ બ્રિજનું લોકાર્પણ કર્યુ હતું.

- આ બ્રિજનું નામ 'સુદર્શન સેતુ' રાખવામાં આવ્યું છે, જે અગાઉ સિગ્નેચર બ્રિજ તરીકે જાણીતો હતો.
- ઓખા અને બેટ દ્વારકાને જોડતા આ 'સુદર્શન સેતુ' બ્રિજનું નિર્માણ અંદાજિત રૂ.968.93 કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે.

### સુદર્શન સેતુની વિશેષતાઓ

સુદર્શન સેતુ સ્ટિલના તોરણ અને પંખા જેવી પેટર્નમાં ગોઠવાયેલા કેબલથી બનેલો છે.

- તે એક કેબલ–સ્ટેડ બ્રિજ છે. આ પ્રકારના બ્રિજમાં વજન સ્ટિલના કેબલ પર રહે છે.
- બ્રિજ ડેક સ્ટીલ અને પ્રબલિત કોંક્રિટથી બનેલો છે.
- બ્રિજની લંબાઈ 2320 મીટર છે, જેમાં 900 મીટર કેબલ સ્ટેયડ ભાગ છે, જે ભારતનો સૌથી લાંબો કેબલ–સ્ટેડ બ્રિજ છે.
- બ્રિજના મુખ્ય ગાળામાં બંને પાયલોન પર 20×12 મીટરના 4-મોરપંખ આકારવામાં આવ્યા છે.
- ઓખા સાઈડ એપ્રોચ બ્રિજની લંબાઈ 370 મીટર અને બેટ સાઈડ એપ્રોચ બ્રિજની લંબાઈ 650 મીટર છે.
- બ્રિજના મુખ્ય ગાળામાં 130 મીટર ઊંચાઈ ધરાવતા બે પાયલોન છે.
- આ ચાર માર્ગીય બ્રિજની પહોળાઈ 27.20 મીટર છે, જેમાં બંને બાજુ 2.50 મીટરના ફૂટપાથ છે.
- ફૂટપાથની બંને બાજુ પર કાર્વિંગ પથ્થર પર કોતરણી કામ કરી ભગવદ્ ગીતાના શ્લોક તેમજ ભગવાન શ્રી કૃષ્ણનું જીવન દર્શાવવામાં આવ્યું છે.
- ફૂટપાથ શેડની છત પર સોલાર પેનલ લગાવવામાં આવી છે, જે 1 મેગાવોટ વીજળી ઉત્પન્ન કરશે.
- બ્રીજ પર કુલ 12 લોકેશન પર પ્રવાસીઓ માટે વ્યૂઈંગ ગેલેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- બ્રિજ પર રાત્રી દરમિયાન ડેકોરેટીવ લાઈટિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સમુદ્રમાં પ્રાચીન દ્વારકાના દર્શન



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દ્વારકામાં સાહસિક સ્કૂબા ડાઈવિંગ કરી ઊંડા દરિયામાં ડૂબેલી પૌરાણિક નગરી દ્વારકાના દર્શન કર્યા હતા.

- અને સમુદ્રમાં દ્વારકાધીશને મોરપંખ અર્પણ કર્યુ હતું.

નોંધ : (1) દેવભૂમિ દ્વારકાના પ્રવાસ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેવભૂમિ દ્વારકા, જામનગર અને પોરબંદર જિલ્લાઓને રૂ.4100 કરોડના વિવિધ 11 વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યુ હતું.

(2) આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શારદાપીઠની પણ મુલાકાત લીધી હતી.

## રાજકોટમાં ગુજરાતની પ્રથમ AIIMSનું ઉદ્‌ઘાટન



25 ફેબ્રુઆરી, 2024ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટમાં ગુજરાતની પ્રથમ AIIMSનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- રાજકોટ AIIMS ઉપરાંત વડાપ્રધાનશ્રીએ આંધ્રપ્રદેશ, પંજાબ, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં અન્ય ચાર નવ–નિર્મિત AIIMSનું પણ વર્ચ્યુઅલ રીતે ઉદ્‌ઘાટન કર્યુ હતું.
- રાજકોટ AIIMSનું નિર્માણ અંદાજિત રૂ.1195 કરોડના ખર્ચે કરવામાં આવ્યું હતું.
- આ AIIMS રાજકોટમાં જામનગર રોડ પર ખંઢેરી અને પરાપીપળીયા ગામ પાસે નિર્માણ પામી છે.
- આ એઈમ્સ 201 એકરમાં ફેલાયેલી છે.
- રાજકોટ AIIMSમાં 720 બેડની વ્યવસ્થા, (750 બેડ થશે) મુખ્ય સુપર સ્પેશિયાલિટી સુવિધાઓ, ICU સેવાઓ અને 23 અદ્યતન ઓપરેશન થિયેટરોનો સમાવેશ થાય છે.
- નોંધનીય છે કે રાજકોટ AIIMSનું ઉદ્‌ઘાટન પહેલા ઘણા સમયથી 14 મલ્ટી–સ્પેશિયાલિટી વિભાગો સાથેનો આઉટપેશન્ટ વિભાગ (OPD) કાર્યરત છે.
- આ AIIMSમાં મેડિકલ કોલેજ, એક આયુષ વિભાગ, ઓડિટોરિયમ, નાઈટ શેલ્ટર, અતિથિ ગૃહ, હોસ્ટેલ તથા રહેવાની વ્યવસ્થા પણ ટૂંક સમયમાં હશે.

### AIIMS

AIIMSનું પૂરું નામ 'All India Institutes of Medical Science' છે.

- એઈમ્સને સંસદના એક કાયદા દ્વારા 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા' તરીકે જાહેર કરવામાં આવી છે.
- ભારતમાં સૌપ્રથમ દિલ્હીમાં 1956માં એઈમ્સની સ્થાપના થઈ હતી.

નોંધ : (1) ભારતમાં AIIMSની સ્થાપનાનો વિચાર ભારતના પ્રથમ આરોગ્ય મંત્રી શ્રીમતી રાજકુમારી અમૃતા કૌરે આપ્યો હતો.

(2) રાજકોટ એઈમ્સના લોગોમાં ગીર સિંહ, હીરો, ખુલ્લું પુસ્તક, વિંગ્સ, કરોડરજ્જુ સમાન સ્ટાફ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સ્ટાર, ચરખો, લીલો રંગ, બાંધણીની ડિઝાઈન, દાંડીયા, મહાસાગર અને બે સંસ્કૃત શ્લોક જોવા મળે છે.

(3) લોગોમાં સમાવિષ્ટ બે શ્લોક 'સર્વે સન્તુ નિરોગ્ય' અને 'વિદ્યા અમૃતમ શ્રુતે' છે.

## રાણી ચેન્નમ્મા

બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની સામે રાણી ચેન્નમ્માના બળવાના 200 વર્ષની સ્મૃતિમાં ભારતના કેટલાક સામાજિક જૂથો દ્વારા 21 ફેબ્રુઆરીએ 'નાનુ રાની ચેન્નમ્મા' (હું પણ રાણી ચેન્નમ્મા છું) એક રાષ્ટ્રીય અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

### રાણી ચેન્નમ્મા વિશે

રાણી ચેન્નમ્મા એક ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને કર્ણાટકના ભૂતપૂર્વ રજવાડા કિટ્ટૂરના રાણી હતા.

- તેમનો જન્મ 23 ઓક્ટોબર, 1778ના રોજ કર્ણાટકના બેલાગવી જિલ્લાના કાકાતી નામના નાના ગામમાં થયો હતો.
- 15 વર્ષની ઉંમરે તેમણે કિત્તુર અથવા કિટ્ટૂરના રાજા મલ્લસરજા સાથે લગ્ન કર્યા હતા, જેમણે વર્ષ 1816 સુધી પ્રાંત પર શાસન કર્યુ હતું.
- 1816માં મલ્લસરજાના મૃત્યુ પછી તેમના મોટા પુત્ર શિવલિંગરુદ્ર સરજા(સર્જા) સિંહાસન પર બેઠા હતા.
- શિવલિંગરુદ્રની તબિયત બગડવાને કારણે વધુ સમય રહ્યા ન હતા.
- શિવલિંગરુદ્રને કોઈ વારસ ન હતું, વર્ષ 1824માં તેમના મૃત્યુ પહેલા શિવલિંગરુદ્રએ તેમના અનુગામી તરીકે એક બાળક શિવલિંગપ્પાને દત્તક લીધું હતું.
- જોકે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ 'ડોક્ટ્રિન ઓફ લેપ્સ' હેઠળ શિવલિંગપ્પાને રાજ્યના વારસદાર તરીકે ઓળખવાનો ઈન્કાર કર્યો હતો.
- ઉપરોક્ત સિદ્ધાંત હેઠળ કુદરતી વારસદારની ગેરહાજરીમાં સંબંધિત રિયાસતનું પતન થશે અને કંપની દ્વારા હસ્તગત કરવામાં આવશે.

- ધારવાડના અંગ્રેજ અધિકારી જહોન ઠાકરીએ ઓક્ટોબર, 1824માં કિટ્ટુર પર હુમલો કર્યો હતો.
- વર્ષ 1824માં કર્ણાટકના ભૂતપૂર્વ રજવાડા પર હુમલો કરવાના ઉદ્દેશ્ય સાથે કિટ્ટુર કિલ્લાની તળેટીમાં 20,000 બ્રિટિશ સૈનિકોનો કાફલો તૈનાત હતો.
- પરંતુ રાણી ચેન્નમ્માએ પોતાની બહાદૂરી પૂર્વક અને માતૃભૂમિની રક્ષા માટે અંગ્રેજનો સામનો કર્યો હતો.
- તેમણે બ્રિટિશ સેનાનો સામનો કરવા માટે ગેરિલા યુદ્ધની રણનીતિ અપનાવીને યુદ્ધમાં તેમની સેનાનું નેતૃત્વ કર્યુ હતું.



**નોંધ :** (1) વર્ષ 2007માં ભારત સરકારે 'રાણી ચેન્નમ્મા'ના નામની ટપાલ ટિકિટ બહાર પાડીને તેમનું સન્માન કર્યુ હતું.

(2) રાણી ચેન્નમ્માને રક્ષક તરીકે દર્શાવતા ઘણા કન્નડ લાવણી અથવા લોકગીતો ગવાય છે.

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના (PM-KISAN)ના 5 વર્ષ પૂર્ણ

24 ફેબ્રુઆરી, 2024ના રોજ 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના' (PM-KISAN) યોજનાના 5 વર્ષ પૂર્ણ થયા છે.

### PM-KISAN યોજના વિશે

24 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતેથી 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજના'નો શુભારંભ કર્યો હતો.

- ભારતના નાના અને સીમાંત ખેડૂતોને દર વર્ષે કેટલીક નિશ્ચિત રકમ ઉપલબ્ધ કરાવવા માટે આ યોજના શરૂ કરવામાં આવી હતી.
- આ યોજના અંતર્ગત લાભાર્થી ખેડૂતને દર વર્ષે રૂ.6000 આપવામાં આવે છે.
- આ સહાય રૂ.2000ના ત્રણ સમાન હપ્તામાં (2000×3) લાભાર્થી ખેડૂતના સીધા બેંક ખાતામાં જમા થઈ જાય છે.
- શરૂઆતમાં 2 હેક્ટર કે તેથી ઓછી જમીન ધરાવતા નાના અને સીમાંત ખેડૂતોને આ યોજનાનો લાભ મળતો હતો.
- પરંતુ બાદમાં આ મર્યાદા દૂર કરવામાં આવી હતી અને તમામ ખેડૂતોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.
- ભારતમાં આશરે 12 કરોડ જેટલા ખેડૂત પરિવારોને આ લાભ મળી રહ્યો છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં સમાચારમાં રહેલ 'સુદર્શન સેતુ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. સુદર્શન સેતુ નામનો આ બ્રિજ ઓખા અને બેટ દ્વારકાને જોડે છે.

2. તે ભારતનો સૌથી લાંબો કેબલ–સ્ટેડ બ્રિજ છે.

3. બ્રિજની લંબાઈ 2320 મીટર છે, જેમાં 900 મીટર કેબલ સ્ટેયડ ભાગ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

2. તાજેતરમાં કયા સ્થળે 'ગુજરાતની પ્રથમ AIIMS'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું ?

(A) રાજકોટ (B) અમદાવાદ (C) ગાંધીનગર (D) વડોદરા **(A)**

3. રાજકોટ AIIMSના લોગોમાં કયા બે સંસ્કૃત શ્લોકનો સમાવેશ થાય છે ?

(A) સર્વે સન્તુ નિરોગ્ય (B) વિદ્યા અમૃતમ શ્રુતે

(C) (A) અને (B) બંને (D) એકપણ નહીં **(C)**

4. રાણી ચેન્નમ્મા કયા રજવાડાના રાણી હતા ?

(A) ઝાંસી (B) પટણા (C) કિટ્ટુર (D) ગ્વાલિયર **(C)**

5. ફેબ્રુઆરી, 2024માં 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના' (PM-KISAN)ના કેટલા વર્ષ પૂર્ણ થયા છે ?

(A) 3 (B) 5 (C) 7 (D) 8 **(B)**

6. 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના' (PM-KISAN) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજનાનો શુભારંભ ફેબ્રુઆરી, 2019માં થયો હતો.

2. આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર 80 ટકા અને રાજ્ય સરકાર 20 ટકા સહાય ખેડૂતોને ચૂકવે છે.

3. આ યોજના અંતર્ગત લાભાર્થી ખેડૂતને દર વર્ષે રૂ.6000 આપવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 1 (D) 1, 2 અને 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 27 ફેબ્રુઆરી, (1) World NGO Day
## (2) રાષ્ટ્રીય પ્રોટીન દિવસ

### World NGO Day

સમગ્ર વિશ્વમાં 27 ફેબ્રુઆરીના રોજ 'World NGO Day'ની ઉજવણી કરવામાં આવે છે.

- World NGO Dayની ઉજવણીનો વિચાર 2009માં કાયદાના એક વિદ્યાર્થી માર્કિસ લિયર્સ સ્કાડમૈનિસે કર્યો હતો.
- વર્ષ 2010માં આ દિવસની ઉજવણી કરવાની સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી હતી.
- ત્યારબાદ સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) દ્વારા 27 ફેબ્રુઆરી 2014ના રોજ આંતરરાષ્ટ્રીય સ્તરે 'World NGO Day'ની ઉજવણી કરવા માટે માન્યતા આપી હતી. અને ત્યારથી દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- જેનો મુખ્ય ઉદ્દેશ વિશ્વના તમામ ક્ષેત્રની NGOની સિદ્ધિઓ અને સફળતાને પ્રકાશિત કરવાનો છે તથા લોકોને સમાજમાં NGOની ભૂમિકા વિશે સમજાવવાનો છે.
- NGOનું પૂરું નામ 'Non-Govermental Organization' છે.

### રાષ્ટ્રીય પ્રોટીન દિવસ

ભારતમાં 27 ફેબ્રુઆરીએ પ્રોટીન દિવસ ઉજવવામાં આવે છે.

- રાષ્ટ્રીય સ્તરની જાહેર આરોગ્ય પહેલ 'પ્રોટીનનો અધિકાર'એ 27 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતમાં પ્રથમ 'પ્રોટીન દિવસ' ઉજવાયો હતો.
- આ દિવસ દ્વારા પ્રોટીનના પોષક ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવવામાં આવે છે.

## રાયસીના ડાયલોગ (Raisina Dialogue)

તાજેતરમાં નવી દિલ્હી ખાતે 'રાયસીના ડાયલોગ' (Raisina Dialogue)ની 9મી આવૃત્તિ યોજાઈ હતી.

- જેમાં લગભગ 115 દેશોમાંથી 2500થી વધુ પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો.
- ગ્રીસના વડાપ્રધાન ક્યારીકોસ મિત્સોટાકિસે ઉદ્‌ઘાટન સત્રમાં હાજરી આપી હતી.

### Raisina Dialogue શું છે ?

રાયસીના ડાયલોગ એ ભૌગોલિક રાજનીતિ અને ભૂ–અર્થશાસ્ત્ર પરની વાર્ષિક પરિષદ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જેનો ઉદ્દેશ્ય વિશ્વની સૌથી વધુ પડકારરૂપ સમસ્યાઓને સંબંધવાનો છે.
- આ સંવાદ અથવા ડાયલોગની પ્રેરણા શાંગરી–લા ડાયલોગમાંથી લેવામાં આવી હતી.
- તે ભારતની 'ગુપ્તચર મુત્સદ્દીગીરી' (Intelligence diplomacy)નો એક ઘટક છે, જે સીધો દેખાતો નથી પરંતુ રાજદ્વારી પૃષ્ઠભૂમિ અને સશસ્ત્રો દળો તેમજ રાષ્ટ્રીય સુરક્ષા માળખામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- આ સંવાદ નવી દિલ્હીમાં યોજાય છે અને તેમાં રાજકીય, વેપારી, મીડિયા અને નાગરિક સમાજના બેકગ્રાઉન્ડના લોકો ભાગ લે છે.
- સંવાદની રચના બહુ–હિતધારક, રાજ્યના વડાઓ, કેબિનેટ મંત્રીઓ અને સ્થાનિક અધિકારીઓ તેમજ ખાનગી ક્ષેત્ર, મીડિયા અને એકેડેમીયાના વિચારશીલ નેતાઓને સંડોવતા આંતર–ક્ષેત્રની ચર્ચા કરવામાં આવી હતી.
- દિલ્હી સ્થિત એક થિંક ટેંક ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન (ORF), વિદેશ મંત્રાલય સાથે ભાગીદારીમાં આ કોન્ફરન્સ અથવા સંવાદનું આયોજન કરે છે.

## રાયસીના ડાયલોગ 2024ની થીમ અને વિષયગત સ્તંભો

રાયસીના ડાયલોગ 2024ની થીમ 'Chaturanga : Conflict, Contest, Cooperate, Create' હતી.

- ત્રણ દિવસીય કોન્ફરન્સ દરમિયાન સહભાગીઓ છ વિષયાત્મક સ્તંભો પર એકબીજા સાથે જોડાયા હતા.

(1) ટેક ફ્રન્ટીયર્સ : રેગ્યુલેશન્સ એન્ડ રિયાલિટીઝ

(2) ગ્રહ અને શાંતિ : રોકાણ અને નવીનતા

(3) યુદ્ધ અને શાંતિ : શસ્ત્રાગાર અને વિષમતાઓ

(4) ડિકોલોનાઈઝેશન બહુપક્ષીયવાદ

(5) લોકશાહીનો બચાવ : સમાજ અને સાર્વભૌમત્વ

## રાયસીના ડાયલોગના મુખ્ય મુદ્દાઓ

સહભાગીઓએ યુનાઈટેડ સ્ટેટ્સ, ચીન, રશિયા અને યુરોપિયન દેશો જેવા સ્પર્ધકો વચ્ચે વિકસતી શક્તિ ગતિશીલતા સહિત ચાલુ ભૌગલિક રાજકીય ફેરફારોની ચર્ચા કરી હતી.



- નવા પડકારો અને તકોના ઉદ્ભવ સાથે, રાષ્ટ્રો તેમની વ્યૂહરચનાઓ અને જોડાણોને કેવી રીતે અનુકૂલિત કરી રહ્યા છે તેના પર ચર્ચા કેન્દ્રિત થઈ હતી.

- ભારતના વિદેશ મંત્રીએ ભારતને 'બ્રિજિંગ પાવર' ગણાવ્યું હતું અને કહ્યું કે લોકો દેશને પ્રમાણમાં ન્યાયી તરીકે જુએ છે અને સાથે વિશ્વમિત્ર અથવા વિશ્વના મિત્રની ભૂમિકા પણ ભજવે છે.
- ગ્રીક વડાપ્રધાને ભારત–મધ્ય–પૂર્વ–યુરોપ આર્થિક કોરિડોર જેવા કનેક્ટિવિટી પ્રોજેક્ટના મહત્ત્વ વિશે ચર્ચા કરી હતી.

## INDUS-X Summit 2024

તાજેતરમાં યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ (DOD) અને ભારતીય સંરક્ષણ મંત્રાલય (MoD)એ નવી દિલ્હી ખાતે 'ઈન્ડિયા–યુએસ ડિફેન્સ એક્સિલરેશન ઈકોસિસ્ટમ (INDUS-X) સમિટ'માં ભાગ લીધો હતો.




- આ સમિટ સંરક્ષણ નવીનતામાં ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેના સહયોગી પ્રયાસોમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.
- આ સમિટનો ઉદ્દેશ્ય ભારત અને યુએસએ વચ્ચે વ્યૂહાત્મક ટેક્નોલોજી ભાગીદારી અને સંરક્ષણ ઔદ્યોગિક સહકારને પ્રેરિત કરતી મુખ્ય ઘટના બનવાનો છે.
- ઈનોવેશન ફોર ડિફેન્સ એક્સેલન્સ (iDEX), ભારતીય સંરક્ષણ મંત્રાલય (MoD) અને યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ (DoD) દ્વારા સંયુક્ત રીતે સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.
- અને યુએસ–ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (USIBC) તથા સોસાયટી ઓફ ઈન્ડિયા ડિફેન્સ મેન્યુફેક્ચરર્સ (SIDM) દ્વારા સંકલન કરવામાં આવ્યું હતું.

### સમિટની મુખ્ય બાબતો

આ સમિટમાં ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સની મહત્ત્વની ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

- જે એક મુક્ત અને ખુલ્લા ઈન્ડો–પેસિફિક ક્ષેત્રને સુનિશ્ચિત કરવામાં મુખ્ય ભાગીદારો તરીકે છે.
- ચર્ચાઓ અદ્યતન લશ્કરી ક્ષમતાઓના સહ–ઉત્પાદન, સંરક્ષણ પુરવઠાની સાંકળોને મજબૂત કરવા અને સામાન્ય સુરક્ષા પડકારોને પહોંચી વળવા આંતર–કાર્યક્ષમતા વધારવા પર કેન્દ્રિત હતી.
- ભારતીય અને યુએસ ઉદ્યોગો વચ્ચે સહયોગી પ્રયાસો દ્વારા સંરક્ષણ તકનીકોમાં નવીનતાને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

- સમિટે સ્ટાર્ટઅપ્સ અને સંરક્ષણ ક્ષેત્રના સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને સ્થાપિત સ્પર્ધકો સાથે જોડાવા, જ્ઞાનની આપ–લે અને ભાગીદારીની સુવિધા આપવા માટે પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું.
- સમિટે યુએસ–ભારત વ્યૂહાત્મક ભાગીદારીના વ્યાપક સંદર્ભમાં સંરક્ષણ ક્ષેત્રે તકનીકી નવીનતાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો.
- સમિટમાં જોઈન્ટ <u>IMPACT ચેલેન્જીસ</u>ની શરૂઆત કરવામાં આવી હતી.
- જેનો ઉદ્દેશ્ય અગ્રણી ઉકેલોમાં સ્ટાર્ટઅપ્સને સામેલ કરીને સંરક્ષણ અને એરોસ્પેસ સહ–વિકાસ અને સહ–ઉત્પાદનને સહયોગી રીતે આગળ વધારવાનો છે.



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'World NGO Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 ફેબ્રુઆરી (B) 28 ફેબ્રુઆરી (C) 1 માર્ચ (D) 2 માર્ચ — (A)

2. 'રાષ્ટ્રીય પ્રોટીન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 ફેબ્રુઆરી (B) 28 ફેબ્રુઆરી (C) 1 માર્ચ (D) 2 માર્ચ — (A)

3. તાજેતરમાં કયા સ્થળે 'રાયસીના ડાયલોગ' (Raisina Dialogue)ની નવમી આવૃત્તિ યોજાઈ હતી ?

(A) નવી દિલ્હી (B) લુધીયાણા (C) શ્રીનગર (D) પૂણે — (A)

4. 'Raisina Dialogue' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે ભૌગોલિક રાજનીતિ અને ભૂ–અર્થશાસ્ત્ર પરની વાર્ષિક પરિષદ છે.
2. તેનો ઉદ્દેશ્ય વિશ્વની સૌથી વધુ પડકારરૂપ સમસ્યાને સંબોધવાનો છે.
3. તે નવી દિલ્હીમાં યોજાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3 — (D)

5. તાજેતરમાં 'INDUS-X Summit 2024' કયાં યોજાઈ હતી ?

(A) ન્યુયોર્ક (B) વોશિંગ્ટન ડિસી (C) નવી દિલ્હી (D) ગાંધીનગર — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 28 ફેબ્રુઆરી, રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (National Science Day)



ભારતમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 28 ફેબ્રુઆરી, 1928ના રોજ ભારતના પ્રસિદ્ધ ભૌતિકશાસ્ત્રી સર ચંદ્રશેખર વેંકટ રામને 'રામન ઈફેક્ટ'ની શોધ કરી હતી.
- આથી તેની યાદમાં ભારતમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2024ની 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની થીમ 'Indigenous Technologies for Viksit Bharat' છે.

નોંધ : 'રામન ઈફેક્ટ'ની શોધ માટે સર ચંદ્રશેખર વેંકટરામન (અથવા તો શ્રી સી. વી. રામન)ને વર્ષ 1930માં ફિઝિક્સ (ભૌતિકશાસ્ત્ર)નો નોબલ પુરસ્કાર એનાયત થયો હતો.

## ધર્મ ગાર્ડિયન : ભારત-જાપાન

ભારતીય સેના અને જાપાન ગ્રાઉન્ડ સેલ્ફ ડિફેન્સ ફોર્સ વચ્ચેની સંયુક્ત સૈન્ય કવાયત 'ધર્મ ગાર્ડિયન' (Dharma Guardian)ની 5મી આવૃત્તિ રાજસ્થાનમાં મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં શરૂ થઈ છે.



- આ કવાયત 25મી ફેબ્રુઆરીથી 9 માર્ચ, 2024 દરમિયાન યોજાશે.
- ધર્મ ગાર્ડિયન કવાયત એ ભારત અને જાપાનમાં વૈકલ્પિક રીતે હાથ ધરવામાં આવતી વાર્ષિક કવાયત છે.
- આ કવાયતનો ઉદ્દેશ્ય સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના પ્રકરણ VII હેઠળ અર્ધ–શહેરી વાતાવરણમાં સંયુક્ત કામગીરી ચલાવવા માટે લશ્કરી સહયોગને પ્રોત્સાહન આપવા અને સંયુક્ત ક્ષમતાઓને વધારવાનો છે.
- બંને પક્ષોની ટુકડીમાં 40-40 જવાનોનો સમાવેશ થાય છે.
- જાપાની ટુકડીનું પ્રતિનિધિત્વ 34મી પાયદળ રેજિમેન્ટના સૈનિક દ્વારા કરવામાં આવ્યું છે અને ભારતીય સેનાની ટુકડીનું પ્રતિનિધિત્વ રાજપૂતાના રાઈફલ્સની બટાલિયન દ્વારા કરવામાં આવ્યું છે.
- આ કવાયતમાં કામચલાઉ ઓપરેટિંગ બેઝની સ્થાપના, ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને રિકોનિસન્સ (ISR) ગ્રીડની રચના, મોબાઈલ વાહન ચેકપોસ્ટની સ્થાપના, પ્રતિકૂળ ગામમાં કોર્ડન અને સર્ચ ઓપરેશન ચલાવવા તથા હેલિબોર્ન ઓપરેશન્સ અને હાઉસ ઓફ ઈન્ટરવેન્શનનો સમાવેશ થશે.

- 'આત્મનિર્ભર ભારત' પહેલ અને દેશની વધતી જતી સંરક્ષણ ઔદ્યોગિક ક્ષમતાને દર્શાવતું હથિયાર અને સાધનોનું પ્રદર્શન પણ યોજવામાં આવશે.

## ગગનયાન મિશનના ચાર અવકાશયાત્રીઓના નામ જાહેર




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતનું પ્રથમ સમાનવ સ્પેસ મિશન 'ગગનયાન મિશન'ના ચાર અવકાશયાત્રીઓના નામની જાહેરાત કરવામાં આવી હતી.

- આ ચાર અવકાશયાત્રીઓ દેશના પ્રથમ માનવ અવકાશ ઉડાન ગગનયાન માટે તાલીમ લઈ રહ્યા છે.
- આ ચાર અવકાશયાત્રીઓમાં ગ્રૂપ કેપ્ટન શ્રી પ્રશાંત નાયર, ગ્રૂપ કેપ્ટન શ્રી અજિત કૃષ્ણન, ગ્રૂપ કેપ્ટન શ્રી અંગદ પ્રતાપ અને વિંગ કમાન્ડર શ્રી શુભાંશુ શુકલાનો સમાવેશ થાય છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ ચારેય અવકાશયાત્રીઓના યુનિફોર્મ પર વિંગ્સ લગાવી હતી.
- નોંધનીય છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મિશન ગગનયાનની પ્રગતિની સમીક્ષા કરવા માટે કેરળના તિરુવનંતપુરમના વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરની મુલાકાત લીધી હતી.
- આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે વર્ષ 2035 સુધીમાં ભારતનું અંતરીક્ષમાં પોતાનું સ્પેસ સ્ટેશન હશે.
- આ સ્પેસ સ્ટેશનની મદદથી ભારત અવકાશના અજાણ્યા વિસ્તારનો અભ્યાસ કરી શકશે.
- આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લગભગ રૂ.1800 કરોડના ત્રણ સ્પેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યુ હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અદાણી જૂથે સ્થાનિક દારૂગોળો અને મિસાઈલ ઉત્પાદન સુવિધાનું અનાવરણ કર્યું

તાજેતરમાં અદાણી ગ્રૂપે ઉત્તરપ્રદેશના કાનપુરમાં 500 એકરમાં ફેલાયેલા દક્ષિણ એશિયાના સૌથી મોટા દારૂગોળા અને મિસાઈલ ઉત્પાદન સંકુલનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- આ સંકુલ સશસ્ત્ર દળો, અર્ધલશ્કરી દળો અને પોલીસ માટે ઉચ્ચ ગુણવત્તાવાળા નાના, મધ્યમ અને ઉચ્ચ–કેલિબાર દારૂગોળાનું ઉત્પાદન કરવા માટે પ્રદેશના સૌથી મોટા સંકલિત દારૂગોળા ઉત્પાદન સંકૂલ તરીકે સંચાલિત થશે.
- આ સંકુલમાં 150 મિલિયન રાઉન્ડના પ્રારંભિક બેચ સાથે નાના–કેલિબર દારૂગોળાનું ઉત્પાદન પહેલેથી જ શરૂ થઈ ગયું છે, જે ભારતની કુલ વાર્ષિક શસ્ત્રોની જરૂરિયાતના 25% જેટલો છે.

- બાલાકોટ ખાતે ભારતીય વાયુસેનાના હવાઈ હુમલાની 5મી વર્ષગાંઠ પર સંકુલનું અનાવરણ કરવામાં આવ્યું હતું, જેને 'ઓપરેશન બંદર' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે ભારતીય વાયુસેનાનું એક ઐતિહાસિક ઓપરેશન છે, જેણે ભારતને બાહ્ય જોખમોનો સામનો કરવામાં મદદ કરી હતી અને ભારતની વ્યૂહાત્મક તાકાત દર્શાવી હતી.
- નોંધનીય છે કે અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસના આ ડિફેન્સ કોરિડોર મેન્યુફેક્ચરિંગ કોમ્પલેક્ષનું ઉદ્‌ઘાટન આર્મી ચીફ જનરલ મનોજ પાંડે અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે કર્યુ હતું.

## Krutrim : ભારતનું પ્રથમ AI યુનિકોર્ન ચેટબોટ

ઓલાના સ્થાપક શ્રી ભાવિશ અગ્રવાલ દ્વારા AI સંચાલિત ચેટબોટ Krutrim લોન્ચ કર્યુ છે.

- જે OpenAIના ChatGPT અને ગૂગલના જેમીની જેવું જ છે.
- 2024માં દેશનું પ્રથમ સ્ટાર્ટ–અપ યુનિકોર્ન બનવા માટે Krutrimએ 1 બિલિયન ડોલરના મૂલ્યાંકન પર ફંડિંગ જાહેર કર્યાના એક મહિના પછી લોન્ચ કરવામાં આવ્યું છે.
- Krutrimએ ડિસેમ્બર, 2023માં જ તેના AI મોડલ્સનું અનાવરણ કર્યુ હતું.
- Krutrimના AI મોડલ્સ 20 થી વધુ ભારતીય ભાષા સમજી શકે છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારતમાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 ફેબ્રુઆરી (B) 27 ફેબ્રુઆરી (C) 28 ફેબ્રુઆરી (D) 1 માર્ચ (C)

2. વર્ષ 2024ના 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની થીમ શું છે ?

(A) Indigenous Technologies for Viksit Bharat

(B) Integrated Approach in Science for People

(C) Integrated Approach in Science for Nature

(D) Science and Technology for a Sustainable Future (A)

3. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'ધર્મ ગાર્ડિયન' (Dharma Guardian) નામની કવાયત યોજાઈ હતી ?

(A) જાપાન (B) અમેરિકા (C) UAE (D) શ્રીલંકા (A)

4. તાજેતરમાં ગગનયાન મિશનના અવકાશયાત્રીઓના નામ જાહેર કરવામાં આવ્યા હતા. તે પૈકી નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

1. શ્રી પ્રશાંત નાયર 2. શ્રી અજીત કૃષ્ણન 3. શ્રી અંગદ પ્રતાપ

4. શ્રી શુભાંશુ શુકલા 5. શ્રી સંજય ત્રિપાઠી

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 3, 4 અને 5

(C) માત્ર 2, 3, 4 અને 5 (D) માત્ર 1 અને 2 (A)

5. તાજેતરમાં અદાણી જૂથે કયા સ્થળે 500 એકરમાં ફેલાયેલા દક્ષિણ એશિયાના સૌથી મોટા દારૂગોળા અને મિસાઈલ ઉત્પાદન સંકુલનું ઉદ્ઘાટન કર્યુ હતું ?

(A) બિકાનેર, રાજસ્થાન (B) વડોદરા, ગુજરાત

(C) તિરૂવનંતપુરમ, કેરળ (D) કાનપુર, ઉત્તરપ્રદેશ (D)


6. ઓલાના સ્થાપક શ્રી ભાવિશ અગ્રવાલ દ્વારા AI સંચાલિત ચેટબોટ _____ લોન્ચ કર્યુ છે.

(A) Krutrim (B) Olain (C) IndiaAI (D) OlaonAI (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી મોરારજી દેસાઈ જન્મજયંતિ

29 ફેબ્રુઆરી, 2024ના રોજ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.



### શ્રી મોરારજી દેસાઈ

શ્રી મોરારજી દેસાઈનો જન્મ 29 ફેબ્રુઆરી, 1896ના રોજ ગુજરાતના વલસાડ જિલ્લાના ભડેલી ગામમાં થયો હતો.

- તેમના પિતા શાળાના શિક્ષક હતા અને કડક અનુશાસનમાં માનતા હતા.
- બાળપણથી જ શ્રી મોરારજી દેસાઈએ તેમના પિતા પાસેથી કઠોર પરિશ્રમ અને કોઈપણ સંજોગોમાં સત્યને વળગી રહેવાના મૂલ્ય શિખ્યા હતા.
- તેમણે સેન્ટ બુસર હાઈસ્કૂલમાં શિક્ષણ મેળવીને મેટ્રિક ઉત્તીર્ણ કર્યુ હતું.
- 1918માં બોમ્બે પ્રાંતની વિલ્સન સિવિલ સર્વિસમાંથી સ્નાતક થયા બાદ તેમણે 12 વર્ષ સુધી ડેપ્યુટી કલેક્ટર તરીકે સેવા આપી હતી. તેમણે ગોધરામાં ડેપ્યુટી કલેક્ટર તરીકે સેવા આપી હતી.
- 1930માં જ્યારે મહાત્મા ગાંધીજીની સવિનય કાનૂન ભંગ ચળવળ કેન્દ્રમાં હતું ત્યારે શ્રી મોરારજી દેસાઈએ બ્રિટિશ ન્યાયની ભાવનામાં તેમનો વિશ્વાસ ગુમાવ્યો હતો અને સરકારી નોકરીમાંથી રાજીનામું આપી સંઘર્ષમાં ડુબવાનું નક્કી કર્યુ હતું.
- શ્રી મોરારજી દેસાઈને સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ત્રણ વખત જેલવાસ થયો હતો.
- તેઓ 1931માં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના સભ્ય બન્યા હતા અને 1937 સુધી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સચિવ રહ્યા હતા.
- આઝાદી પહેલા તેઓ બોમ્બેના ગૃહમંત્રી બન્યા હતા ત્યારબાદ 1952માં બોમ્બે રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા.
- નોંધનીય છે કે બોમ્બે રાજ્ય ગુજરાતીભાષી અને મરાઠીભાષી લોકોનું બનેલું દ્વિભાષી રાજ્ય હતું.
- તેમણે કેન્દ્રીય નાણામંત્રી અને ગૃહમંત્રી તરીકે પણ સેવા આપી હતી.
- આ ઉપરાંત તેમણે શ્રીમતી ઈન્દિરા ગાંધીની સરકારમાં ભારતના બીજા નાયબ વડાપ્રધાન તરીકે સેવા આપી હતી.

INSTITUTE FOR COMPETITIVE E

- તેમણે 24 માર્ચ, 1977થી 28 જુલાઈ 1979 સુધી ભારતના ચોથા વડાપ્રધાન તરીકે સેવા આપી હતી.
- તેઓ ભારતના પ્રથમ બિન–કોંગ્રેસી વડાપ્રધાન હતા. આ ઉપરાંત પ્રથમ ગુજરાતી વડાપ્રધાન હતા.
- તેમને 19 મે, 1990ના રોજ પાકિસ્તાનના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર નિશાન–એ–પાકિસ્તાનથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમનું સમાધી સ્થળ 'અભયઘાટ' અમદાવાદ ખાતે આવેલ છે.
- વર્ષ 1991માં તેમને 'ભારત રત્ન' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- મહાગુજરાત આંદોલન દરમિયાન તેઓ ઉપવાસ પર ઉતર્યા હતા.
- મહાગુજરાત આંદોલન દરમિયાન મોરારજી દેસાઈએ આપેલા નિવેદનો નીચે મુજબ છે :

**"અમદાવાદ ગુજરાતનું પાટનગર થાય, પરંતુ પાટનગર થવું હશે તો કિંમત ચૂકવવી પડશે"**

**"હું ગુજરાતને હિન્દુસ્તાનના ભલા માટે હોડમાં મુકવા તૈયાર છું,**
**પણ હું હિન્દુસ્તાનને ગુજરાત માટે હોડમાં મૂકવા તૈયાર નથી"**

## ભારત ટેક્સ-2024

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ભારતમાં આયોજિત સૌથી મોટી વૈશ્વિક ટેક્સટાઈલ ઈવેન્ટ્સમાંની એક 'ભારત ટેક્સ 2024'નું ઉદ્ઘાટન કર્યુ હતું.



- આ ઉદ્ઘાટન પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી પિયુષ ગોયલ પણ ઉપસ્થિત હતા.
- ભારત ટેક્સ 2024 ગુજરાત, મહારાષ્ટ્ર, તેલંગાણા, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ સહિતના વિવિધ રાજ્યોની પ્રતિષ્ઠિત હેન્ડલૂમ અને હસ્તકલા પરંપરાઓને પ્રદર્શિત કરવાના પ્લેટફોર્મ તરીકે કામ કરે છે.
- આ ઈવેન્ટ ભારતના સમૃદ્ધ ટેક્સટાઈલ વારસાને પ્રદર્શિત કરવા અને ઉદ્યોગોમાં સહયોગને પ્રોત્સાહન આપવા માટે એક મહત્ત્વપૂર્ણ સીમાચિન્હરૂપ છે.
- ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રને આ ઈવેન્ટ માટે 'પાર્ટનર સ્ટેટ્સ' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- જે ભારતના ટેક્સટાઈલ સેક્ટરમાં તેમના નોંધપાત્ર યોગદાનને દર્શાવે છે.
- વધુમાં ગુજરાત, તેલંગાણા અને મધ્યપ્રદેશ 'એસોસિએટિંગ પાર્ટનર સ્ટેટ્સ' તરીકે જોડાયા છે, જે કાર્યક્રમમાં ટેક્સટાઈલ ઓફરિંગની વિવિધતાને સમૃદ્ધ બનાવે છે.
- વૈશ્વિક ટેક્સટાઈલ ઈવેન્ટમાં આંધ્રપ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક અને આસામના સ્ટેટ પેવેલિયનનો પણ સમાવેશ થાય છે, જે ભારતના વિવિધ પ્રદેશોમાં ટેક્સટાઈલ ઈકોસિસ્ટમ હાઈલાઈટ કરે છે.

- ભારત TEX 2024 ટેક્સટાઈલ ઉદ્યોગમાં સહયોગ, નવીનતા અને ટકાઉ વૃદ્ધિ માટેની તકો શોધવા માટે ટેક્સટાઈલ ઉત્પાદકો, કારીગરો, ડિઝાઈનર્સ અને નીતિ નિર્માતાઓ સહિતના મુખ્ય હિતધારકોને એક સાથે લાવે છે.

## BioAsia Summit 2024




<u>BioAsia</u>ની <u>21મી આવૃત્તિ</u> એશિયાની અગ્રણી બાયોટેક્નોલોજી અને જીવન વિજ્ઞાન પરિષદ 27 ફેબ્રુઆરી, 2023ના રોજ ભારતમાં <u>હૈદરાબાદ</u> ખાતે શરૂ થઈ છે.

- તેલંગાણા સરકાર દ્વારા વર્ષ 2003માં શરૂ કરવામાં આવેલી એક મુખ્ય પહેલ ફાર્મા જાયન્ટ્સથી લઈને સ્ટાર્ટઅપ્સ સુધીના વિવિધ હિસ્સેદારોને એકસાથે લાવવા માટે વૈજ્ઞાનિક સંશોધન અને વ્યવસાયના આંતરછેદ પર એક અગ્રણી વિચાર વિનિમય પ્લેટફોર્મ બની ગયું છે.
- BioAsia Summit 2024ની થીમ '<u>Transforming Life Sciences with Data and AI</u>' છે.
- જે પુરાવા આધારિત હસ્તક્ષેપો દ્વારા દવાની શોધ, આરોગ્ય સંભાળ વિતરણ વગેરેમાં ક્રાંતિ લાવવા માટે મશીન લર્નિંગ વચનો સાથે અદ્યતન એનાલિટિક્સનો ઉપયોગ કરવાની અપાર સંભાવનાને પ્રકાશિત કરે છે.
- 50થી વધુ દેશોની ભાગીદારી સાથે ફાર્માસ્યુટિકલ ઈનોવેશન્સ, મેડટેક એડવાન્સમેન્ટ્સ, ઈન્વેસ્ટમેન્ટ રોડ મેપિંગ, ડેટા આધારિત સંશોધન અને વિકાસ વગેરેને આવરી લેતા બહુવિધ ટ્રેક ડિઝાઈન કરવામાં આવ્યા છે, જ્યાં ઉદ્યોગ જગતના લીડરો સસ્તુ અને સુલભ ઉકેલો પર ચર્ચા કરી હતી.



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. શ્રી મોરારજી દેસાઈનો જન્મ કયાં થયો હતો ?

(A) ભડેલી, વલસાડ (B) ભડેલી, વડોદરા (C) ભડેલી, સુરત (D) ભડેલી, ખેડા **(A)**

2. શ્રી મોરારજી દેસાઈ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?

1. તેમણે નાયબ કલેક્ટર તરીકે પણ સેવા આપી હતી.
2. તેઓ 1952માં બોમ્બે રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા.
3. તેઓ ભારતના પ્રથમ બિન–કોંગ્રેસી અને પ્રથમ ગુજરાતી વડાપ્રધાન હતા.
4. તેમને પાકિસ્તાનનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'નિશાન–એ–પાક' એનાયત થયો હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 3 અને 4

(C) માત્ર 1 અને 2 (D) 1, 2, 3 અને 4 **(D)**

3. શ્રી મોરારજી દેસાઈને કયા વર્ષે 'ભારત રત્ન' એનાયત થયો હતો ?

(A) 1983 (B) 1979 (C) 1991 (D) 1998 **(C)**

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ભારત ટેક્સ 2024'નું ઉદ્‌ઘાટન કયાં કર્યુ હતું ?

(A) ભારત મંડપમ, નવી દિલ્હી (B) WTEX ઓફિસ, મુંબઈ

(C) સાયન્સ સિટી, અમદાવાદ (D) મહાત્મા મંદિર, ગાંધીનગર **(A)**

5. તાજેતરમાં BioAsia Summit 2024 કયાં યોજાઈ હતી ?

(A) મુંબઈ (B) હૈદરાબાદ (C) ભોપાલ (D) પૂણે **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

દિવસ મહિમા : 01 માર્ચ, (1) વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ (World Civil Defence Day)
(2) શૂન્ય ભેદભાવ દિવસ (Zero Discrimination Day)
(3) સ્વ-ઈજા જાગૃતિ દિવસ

## લોકપાલના નવા અધ્યક્ષ તરીકે જસ્ટિસ અજય માણિકરાવ ખાનવિલકરની નિમણૂક



કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ અજય માણિકરાવ ખાનવિલકરને લોકપાલના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- તેઓ આ પદ સંભાળ્યાના તારીખથી પાંચ વર્ષની મુદ્દત માટે અથવા 70 વર્ષની ઉંમર સુધી પહોંચે ત્યાં સુધી આ હોદ્દો સંભાળશે.

### લોકપાલ શું છે ?

ભારતમાં લોકપાલ એ ભ્રષ્ટાચાર વિરોધી એક વૈધાનિક (કાયદાકીય) સંસ્થા છે.

- ભારતમાં સરકારી અધિકારીઓ તથા વડાપ્રધાન સહિતના રાજનેતાઓ સામે થયેલી ભ્રષ્ટાચારની ફરિયાદો તેમજ ભ્રષ્ટાચારના કેસો અંગે તપાસ કરવા માટે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

### લોકપાલનો ઉદ્દેશ

ભારતમાં લોકપાલનો મુખ્ય ઉદ્દેશ સરકારમાં ખાસ કરીને ઉચ્ચ સ્તરે ભ્રષ્ટાચાર અટકાવવાનો છે.

- અને ઉચ્ચ સ્થાને બિરાજમાન ભ્રષ્ટાચારી અધિકારી કે રાજનેતાને સજા અપાવવાનો છે.

### લોકપાલનું માળખું

ભારતમાં લોકપાલમાં 1 અધ્યક્ષ અને વધુમાં વધુ 8 અન્ય સભ્યોની નિમણૂક કરી શકાય છે.

- આ આઠ સભ્યોમાંથી 50% એટલે કે ઓછામાં ઓછા ચાર સભ્યો જ્યુડિશિયલ હોય છે.
- બાકીના ચાર સભ્યો નોન જ્યુડિશિયલ હોય છે.
- લોકપાલના કુલ સભ્યોમાંથી 1 અલ્પસંખ્યક, 1 ST, 1 SC, 1 OBC અને એક મહિલા સભ્યોનો સમાવેશ થાય છે.

## લોકપાલના અધ્યક્ષ બનવાની લાયકાત

લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, 2013 મુજબ લોકપાલના અધ્યક્ષ બનવાની લાયકાત આ પ્રમાણે છે :

(1) તેમની ઉંમર ઓછામાં ઓછી 45 વર્ષની હોવી જોઈએ.

(2) તેઓ સુપ્રીમ કોર્ટના વર્તમાન અથવા પૂર્વ મુખ્ય ન્યાયાધીશ અથવા ન્યાયાધીશ હોવા જોઈએ.

(3) તેઓ ભ્રષ્ટાચાર અથવા વિરોધી નીતિ, જાહેર વહીવટ, તકેદારી, વીમો અને બેન્કિંગ, કાયદો અને વ્યવસ્થાપન સહિતની બાબતોમાં ઓછામાં ઓછા 25 વર્ષથી વિશેષ જ્ઞાન અને કુશળતા ધરાવતા હોવા જોઈએ.

## લોકપાલના અધ્યક્ષ કોણ ન બની શકે ?

નીચેની વ્યક્તિઓ લોકપાલના અધ્યક્ષ બની શકતી નથી :

(1) સંસદ સભ્ય અને ધારાસભ્ય

(2) 45 વર્ષથી નીચેની વયની વ્યક્તિ

(3) જે વ્યક્તિને જાહેર સેવામાંથી હટાવવામાં આવ્યા હોય તે

(4) નફાકારક હોદ્દો અથવા લાભનું પદ ધરાવતા હોય (લોકપાલ બન્યા બાદ અન્ય પદ પરથી રાજીનામું આપવું ફરજિયાત)

(5) રાજકીય પક્ષ સાથે સંકળાયેલ વ્યક્તિ

(6) નૈતિક ગેરવર્તણૂકના કોઈપણ ગુનામાં દોષિત વ્યક્તિ

(7) પંચાયત અથવા નગરપાલિકાના સભ્યો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લોકપાલનો કાર્યકાળ

લોકપાલના અધ્યક્ષ તથા તેમના સભ્યોનો કાર્યકાળ 5 વર્ષ અથવા તો 70 વર્ષની ઉંમર બંનેમાંથી પહેલા જે પૂરું થાય તે હોય છે.

## લોકપાલનો પગાર

લોકપાલના અધ્યક્ષનો પગાર ભારતની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશના પગાર જેટલો હોય છે.

- જ્યારે લોકપાલના અન્ય સભ્યોનો પગાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશના પગાર જેટલો હોય છે.

## લોકપાલની નિમણૂક

લોકપાલની નિમણૂક કરવા માટે તથા લોકપાલની યોગ્યતા ધરાવતા સભ્યો માટે 'શોધ સમિતિ' (Search Committee)ની રચના કરવામાં આવે છે, જેમાં 8 સભ્યોનો સમાવેશ થાય છે.

- આ સમિતિ લોકપાલની 'પસંદગી સમિતિ'ને લોકપાલ અને તેના સભ્યોના નામોની ભલામણ કરશે.
- લોકપાલના સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ 'પસંદગી સમિતિ'ની ભલામણથી કરે છે.
- લોકપાલની 'પસંદગી સમિતિ'માં નીચેના સભ્યોનો સમાવેશ થાય છે :

(1) ભારતના વડાપ્રાધન (અધ્યક્ષ)

(2) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયધીશ

(3) લોકસભાના વિરોધ પક્ષના નેતા

(4) લોકસભાના અધ્યક્ષ (સ્પીકર)

(5) એક પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી

નોંધ : (1) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ જો આ કમિટીના સભ્ય બનવા ન માંગતા હોય તો તેઓ સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશને તેના સભ્ય બનાવી શકે છે.

(2) આ કમિટીના સભ્ય તરીકે કાયદાશાસ્ત્રની નિમણૂક અન્ય ચાર સભ્યોની ભલામણ દ્વારા કરવામાં આવે છે.

## લોકપાલનું કાર્યક્ષેત્ર તથા સત્તા

'લોકપાલ તથા લોકાયુક્ત અધિનિયમ, 2013' અનુસાર ભારતમાં લોકપાલનું કાર્યક્ષેત્ર તથા સત્તાઓ આ પ્રમાણે છે :

- કોઈપણ વ્યક્તિ જે ભ્રષ્ટાચાર સાથે સંકળાયેલ હોય તેની તપાસ કરી શકશે.
- કેન્દ્ર સરકારના ગ્રુપ A, B, C, D સ્તરના અધિકારીઓ, પ્રધાનમંત્રી તથા અન્ય મંત્રીઓ વગેરે લોકપાલના કાર્યક્ષેત્ર અંતર્ગત આવશે, જેના વિરુદ્ધમાં લોકપાલ ફરિયાદો સાંભળી શકશે.
- સશસ્ત્ર દળો તથા ન્યાયપાલિકા લોકપાલના કાર્યક્ષેત્ર અંતર્ગત આવશે નહીં.
- જો વડાપ્રધાન વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવે તો લોકપાલ તપાસ કરશે. પરંતુ તે અમુક ચોક્કસ શરતોને આધીન રહીને જ કરી શકાશે. જેમ કે પ્રધાનમંત્રી સામેના આક્ષેપો જો આંતરરાષ્ટ્રીય સંબંધો, બાહ્ય અને આંતરિક સલામતી, જાહેર હુકમ, અણુ ઊર્જા કે અવકાશ સાથે સંબંધિત હોય તો લોકપાલ તપાસની મંજૂરી આપશે નહીં.
- આ ઉપરાંત પ્રધાનમંત્રી સામેની ફરિયાદોની તપાસ ત્યાં સુધી નહીં કરવામાં આવે જ્યાં સુધી લોકપાલના ઓછામાં ઓછા બે તૃતીયાંશ જેટલા સભ્યો એ માટેની મંજૂરી આપે.
- પ્રધાનમંત્રી વિરુદ્ધની આ પ્રકારની પૂછપરછ કેમેરા સામે કરવામાં આવશે તથા જો લોકપાલ એ નિષ્કર્ષ પર આવે કે ફરિયાદ બરતરફીને પાત્ર છે તો પૂછપરછના રેકોર્ડ્સ પ્રકાશિત કરવામાં આવશે નહીં.

- લોકપાલને CBI ઉપર દેખરેખ રાખવાની સત્તા છે. ઉપરાંત 'ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988' હેઠળની તમામ ફરિયાદ માટે તેનું કાર્યક્ષેત્ર વિસ્તરેલું છે.
- લોકપાલ પોતાના સભ્યો વિરુદ્ધની ફરિયાદો માટે પણ કાર્ય કરી શકે છે.
- લોકપાલ પોતાનો વાર્ષિક અહેવાલ રાષ્ટ્રપતિને સોંપે છે અને રાષ્ટ્રપતિ તેને સંસદના બંને ગૃહો સમક્ષ મૂકાવે છે.

## ભારતમાં લોકપાલનો ઈતિહાસ

ભારતમાં ઈ.સ.1963માં શ્રી લક્ષ્મીમલ સિંઘવીએ સૌપ્રથમ 'લોકપાલ' શબ્દ આપ્યો હતો.

- ભારતમાં ઈ.સ.1966માં શ્રીમતી ઈન્દિરા ગાંધી સરકાર દ્વારા શ્રી મોરારજી દેસાઈની અધ્યક્ષતામાં રચાયેલા વહીવટી સુધાર આયોગ દ્વારા ભારતમાં લોકપાલ જેવી સંસ્થાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી.
- ભારતમાં મે, 1968 દરમિયાન સૌપ્રથમ વખત લોકપાલ બિલ ભારતીય સંસદમાં રજૂ થયું હતું. પરંતુ તે પસાર થઈ શક્યું ન હતું.
- ભારતમાં છેલ્લે 'લોકપાલ અને લોકાયુક્ત બિલ, 2013' ડિસેમ્બર, 2013માં ભારતીય સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું અને પસાર કરવામાં આવ્યું હતું.
- જેને 1 જાન્યુઆરી, 2014ના રોજ રાષ્ટ્રપતિશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.
- અને 'લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, 2013' નામનો આ એક્ટ ભારતમાં 16 જાન્યુઆરી, 2014થી અમલમાં આવ્યો છે.

નોંધ : (1) વિશ્વમાં લોકપાલ અને લોકાયુક્તના ઉદ્ભવના બીજ 19મી સદીની શરૂઆતમાં રોપાયા હોવાનું માનવામાં આવે છે.

(2) ઈ.સ.1809માં સૌપ્રથમ સ્વીડનમાં 'ઓમ્બુડસમેન' (Ombudsman) નામથી લોકપાલ જેવી જ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

(3) ભારતમાં લોકપાલના પ્રથમ અધ્યક્ષ શ્રી પિનાકી ચંદ્ર ઘોષ હતા.

(4) લોકપાલ બિલ પાસ કરાવવા માટે વર્ષ 2011માં શ્રી અન્ના હજારેના નેતૃત્વમાં આંદોલન થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

કંડકટર BOOK 50% Discount ₹360/- ₹180/- (+ કુરિયર ચાર્જ) આ પુસ્તક ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ‘વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ — (A)

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા ‘શૂન્ય ભેદભાવ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ — (A)

3. ‘સ્વ–ઈજા જાગૃતિ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ — (A)

4. તાજેતરમાં લોકપાલના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) જસ્ટિસ અજય માણિકરાવ ખાનવિલકર

(B) જસ્ટિસ અભિરાજસિંઘ ખાનવિલકર

(C) જસ્ટિસ વિજયચંદ્ર ખાનવિલકર

(D) જસ્ટિસ એ.રાજેન્દ્ર ખાનવિલકર — (A)

5. ભારતના લોકપાલના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) તેમાં 1 અધ્યક્ષ અને વધુમાં વધુ અન્ય 8 સભ્ય હોય છે.

(B) તે એક સંવિધાનિક સંસ્થા છે.

(C) તેના અધ્યક્ષ અને સભ્યોનો કાર્યકાળ 5 વર્ષ અથવા 70 વર્ષ તે બેમાંથી જે પહેલા પૂરું થાય તે હોય છે.

(D) તેના સભ્યોમાંથી ઓછામાં ઓછા 4 સભ્યો જ્યુડિશિયલ હોય છે. — (B)

6. ભારતમાં લોકપાલની નિમણૂક માટેની ‘પસંદગી સમિતિ’ના સભ્યોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) વિરોધ પક્ષના નેતા (B) લોકસભાના અધ્યક્ષ

(C) સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ (D) ભારતના એટર્ની જનરલ — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ત્રિપક્ષીય અભ્યાસ 'દોસ્તી' : ભારત-માલદીવ-શ્રીલંકા

ભારત, માલદીવ અને શ્રીલંકા વચ્ચેની ત્રિપક્ષીય કોસ્ટગાર્ડ કવાયત 'દોસ્તી' (DOSTI)ની 16મી આવૃત્તિ માલદીવમાં યોજાઈ હતી.



- આ આવૃત્તિમાં બાંગ્લાદેશે નિરીક્ષક તરીકે ભાગ લીધો હતો.
- ભારતે આ કવાયત માટે ICGS સમર્થ, ICGS અભિનવ અને ICG ડોર્નિયર મોકલ્યું હતું.
- ભારત અને માલદીવના કોસ્ટ ગાર્ડ વચ્ચે વર્ષ 1991માં 'દોસ્તી' અભ્યાસની શરૂઆત કરવામાં આવી હતી.
- શ્રીલંકાએ સૌપ્રથમ વર્ષ 2012માં આ અભ્યાસમાં ભાગ લીધો હતો.
- ત્યારથી તે ત્રિપક્ષીય કવાયત બની ગઈ છે.
- આ કવાયતમાં દરિયાઈ અકસ્માતોમાં સહાય પૂરી પાડવી, દરિયાઈ પ્રદૂષણને દૂર કરવા અને તેલના પ્રકોપ જેવી પરિસ્થિતિઓ દરમિયાન કોસ્ટ ગાર્ડની કાર્યવાહી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.
- આ કવાયતનો ઉદ્દેશ્ય ત્રણેય દેશ વચ્ચે સંબંધો મજબૂત કરવા, પરસ્પર સહયોગ અને ક્ષમતા વધારવા અને ભારત–માલદીવ–શ્રીલંકાના કોસ્ટગાર્ડ વચ્ચે સહકાર સ્થાપવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નૌકાદળની બહુપક્ષીય કવાયત 'MILAN 2024'

ભારતીય નૌકાદળે વિશાખાપટ્ટનમ ખાતે 19 થી 27 ફેબ્રુઆરી, 2024 દરમિયાન બહુપક્ષીય નૌકા કવાયત 'મિલન' (MILAN)ની 12મી આવૃત્તિનું આયોજન કર્યું હતું.



- આ મેગા ઈવેન્ટમાં ભાગ લેવા માટે 50થી વધુ દેશોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.
- આ કવાયત INS વિક્રાંત પર આયોજિત સમાપન સમારોહ સાથે સમાપ્ત થઈ હતી.
- આ કવાયતનો કેન્દ્રીય ઉદ્દેશ્ય મૈત્રીપૂર્ણ નૌકાદળ વચ્ચે વ્યાવસાયિક ક્રિયાપ્રતિક્રિયા વધારવા અને સમુદ્રમાં બહુપક્ષીય મોટા–ફોર્સ ઓપરેશન્સમાં અનુભવ મેળવવાનો છે.
- 2024ની કવાયતમાં બે તબક્કાઓનો સમાવેશ થયો હતો :

(1) હાર્બર તબક્કો : જેમાં ઈન્ટરનેશનલ મેરીટાઈમ સેમિનાર, સિટી પરેડ, ટેક એક્ઝિબિશન્સ, એક્સપર્ટ એક્સચેન્જ, યુથ ઓફિસર ગેધરિંગ્સ અને સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ છે.

ઈન્ટરનેશનલ મેરીટાઈમ સેમિનારની થીમ 'પાર્ટનર્સ ઓલ ઓશન : કોલબોરેશન, સિનર્જી, ગ્રોથ' હતી

(2) સી ફેઝ (સમુદ્ર તબક્કો) : તે મૈત્રીપૂર્ણ રાષ્ટ્રો, ભારતીય નૌકાદળના કેરિયર્સ અને અન્ય એકમોના જહાજો અને વિમાનોની ભાગીદારીનો સમાવેશ થાય છે.

## MILAN




મિલન અથવા મિલાન એ ભારતીય નૌકાદળ દ્વારા આંદામાન અને નિકોબાર કમાન્ડ ખાતે વર્ષ **1995**માં શરૂ કરવામાં આવેલ દ્વિવાર્ષિક બહુપક્ષીય નૌકા કવાયત છે.

- વર્ષ **1995**ની આવૃત્તિમાં માત્ર ચાર દેશો ઈન્ડોનેશિયા, સિંગાપોર, શ્રીલંકા અને થાઈલેન્ડની ભાગીદારીથી શરૂ થયેલી આ કવાયતમાં સહભાગીઓની સંખ્યા અને કવાયતની જટિલતાના સંદર્ભમાં ઘણાં ફેરફારો થયા છે.
- મૂળ રૂપે ભારતની 'લુક ઈસ્ટ પોલિસી'ને અનુરૂપ શરૂ કરવામાં આવી હતી.

## રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે પશુ કલ્યાણ માટે 'વંતારા' પહેલ શરૂ કરી



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને રિલાયન્સ ફાઉન્ડેશને 'વંતારા' (જંગલનો સ્ટાર) નામની એક સાહસિક પહેલ શરૂ કરી છે.

- જે જરૂરિયાતમંદ પ્રાણીઓના બચાવ, સારવાર, સંભાળ અને પુનર્વસન માટે સમર્પિત છે.
- શ્રી અનંત અંબાણીની આગેવાની હેઠળના આ મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમનો હેતુ પ્રાણી કલ્યાણ પર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અસર ઊભી કરવાનો છે.
- ગુજરાતમાં રિલાયન્સના જામનગર રિફાઈનરી કોમ્પ્લેક્ષના ગ્રીન બેલ્ટની અંદર **3,000** એકરમાં ફેલાયેલા અભયારણ્યમાં વંતારાનો મુખ્ય ભાગ આવેલો છે.
- આ જગ્યાને સાવધાનીપૂર્વક જંગલ જેવા વાતાવરણમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે, જે બચાવેલા પ્રાણીઓને સાજા થવા અને ખીલવા માટે કુદરતી અને સમૃદ્ધ રહેઠાણ પ્રદાન કરે છે.

- વંતારા અત્યાધુનિક આરોગ્ય દેખરેખ, હોસ્પિટલો, સંશોધન અને શૈક્ષણિક કેન્દ્રો સહિત સર્વોત્તમ શ્રેણીનું પ્રાણી સંરક્ષણ અને સંભાળ પ્રથાઓ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- તેના કાર્યક્રમોમાં વંતારા અદ્યતન સંશોધન અને પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ જેમ કે ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN) અને વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ ફોર નેચર (WWF) સાથેના સહયોગને એકીકૃત કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે.

## FATF ગ્રે લિસ્ટમાંથી UAE બહાર

યુનાઈટેડ આરબ અમિરાત (UAE)ને ફાઈનાન્શિયલ એકશન ટાસ્ક ફોર્સ દ્વારા તેના ગ્રે લિસ્ટમાંથી દૂર કરવામાં આવ્યું છે.

- ખાસ કરીને ભારતમાં નોન–બેકિંગ નાણાકીય કંપનીઓ (NBFC) માટે રોકાણના લેન્ડસ્કેપમાં વિશ્વાસ વધાર્યો છે.




### FATF શું છે ?

FATF એ એક ઈન્ટરગવર્નમેન્ટલ ઓર્ગેનાઈઝેશન છે.

- FATFનું પૂરું નામ 'Financial Action Task Force' છે.
- કાળાનાણાને કાયદેસર બનતા રોકવા (મની લોન્ડરિંગ) રોકવા માટે નીતિઓ ઘડવા 1989માં તેની સ્થાપના થઈ હતી.
- ત્યારબાદ તેના કાર્યક્ષેત્રમાં વધારો કરીને આતંકવાદને નાણાકીય મદદ મળતી બંધ થાય તે માટે નીતિઓ બનાવવાની જવાબદારી પણ તેને સોંપવામાં આવી છે.
- તેનું સચિવાલય OECD (Organisation for Economic Co-Operation and Development)ના વડામથકમાં ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.



1. ભારત, માલદીવ અને શ્રીલંકા વચ્ચેની ત્રિપક્ષીય કોસ્ટગાર્ડ કવાયત 'દોસ્તી' (DOSTI)ની તાજેતરમાં કેટલામી આવૃત્તિનું આયોજન થયું હતું ?

(A) 16મી (B) 17મી (C) 18મી (D) 19મી **(A)**

2. તાજેતરમાં નૌકાદળની બહુપક્ષીય કવાયત 'MILAN 2024' ક્યાં યોજાઈ હતી ?

(A) મુંબઈ (B) ચેન્નાઈ (C) કોલકાતા (D) વિશાખાપટ્ટનમ **(D)**

3. નૌકા કવાયત 'MILAN'ના સંદર્ભમાં નીચેના વિધાનો ધ્યાનમાં લો :

1. આ કવાયત વ્યાવસાયિક સેનાઓ વચ્ચે વ્યાવસાયિક ક્રિયાપ્રતિક્રિયા વધારવા અને જમીન પર બહુપક્ષીય વિશાળ દળની કામગીરીમાં અનુભવ મેળવવા પર કેન્દ્રિત છે.
2. આ કવાયત મૂળરૂપે ભારતની 'લૂક ઈસ્ટ પોલિસી' સાથે જોડાયેલી હતી.

ઉપરોક્ત પૈકી કયું વિધાન સાચું છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં સમાચારમાં રહેલ 'વંતરા' શું છે ?

(A) DRDO દ્વારા વિકસિત એર ટુ સરફેસ મિસાઈલ

(B) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પશુ કલ્યાણ માટે શરૂ કરેલી એક પહેલ

(C) અદાણી જૂથની સ્વદેશી સંરક્ષણ સાધનો વિકસાવવા માટેની ફેક્ટરી

(D) RBI દ્વારા શરૂ કરવામાં આવેલી એક પહેલ **(B)**

5. તાજેતરમાં FATF ગ્રે લિસ્ટમાંથી નીચેના પૈકી કયા દેશને બહાર કરવામાં આવ્યો છે ?

(A) UAE (B) નેપાળ (C) બાંગ્લાદેશ (D) ભારત **(A)**

# NEWS IN SHORTS

## ગુજરાત

➤ **AMULની સુવર્ણ જયંતિ**



ફેબ્રુઆરી, 2024માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF)ના 50 વર્ષની ભવ્ય ઉજવણીના કાર્યક્રમને સંબોધિત કરતી વખતે અમૂલ ડેરી કોઓપરેટિવને વિશ્વની નંબર વન ડેરી કંપની બનાવવાનું આહવાન કર્યુ હતું. અમૂલ હાલમાં વૈશ્વિક સ્તરે 8મી સૌથી મોટી ડેરી કંપની છે, જેનું વાર્ષિક વેચાણ તેના લોકપ્રિય દૂધ, ચીઝ, આઈસક્રીમ, ચોકલેટ અને અન્ય ડેરી ઉત્પાદનો દ્વારા સ્થાનિક સ્તરે રૂ.80,000 કરોડની નજીક છે, જે 57 દેશોમાં પણ નિકાસ કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

➤ **રાજ્યની અંદર એક તાલુકા દીઠ એક ગામને સ્માર્ટ વિલેજમાં પરિવર્તિત કરવાના હેતુથી મુખ્યમંત્રીની આગેવાની હેઠળની એક નોંધપાત્ર પહેલ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં એક તાલુકા દીઠ એક સ્માર્ટ ગામ બનાવવાની વિકાસલક્ષી વ્યૂહરચના સાથે સંલગ્ન પાંચ જિલ્લાના 16 ગામોને સ્માર્ટ વિલેજ તરીકે જાહેર કર્યા છે. રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલ સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજના હેઠળ આ ગામોની પસંદગી કરવામાં આવી છે. સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજના હેઠળ આ પસંદ કરેલા ગામોના વ્યાપક વિકાસને પ્રોત્સાહન આપવા માટે દરેક ગ્રામ પંચાયતને પાંચ લાખ રૂપિયાની પુરસ્કાર રકમ પ્રાપ્ત થશે. આ પુરસ્કાર ગામડાઓના વિકાસની પહેલ માટે સ્વ–ભંડોળના નિર્ણાયક ઘટક તરીકે સેવા આપશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'રર્બન–એટીએમએ વિલેજ ફેસિલિટેશન સિટી'ની વિભાવનાને સમર્થન આપ્યું છે, જેનો ઉદ્દેશ્ય ગુજરાતના ગામડાઓને શહેરોની તુલનામાં સ્માર્ટ, ટકાઉ અને અનુકૂળ વસાહતોમાં પરિવર્તિત કરવાનો છે.

## ભારત

➤ **સમગ્ર દેશમાં ગુરુ રવિદાસ જયંતિની ઉજવણી કરવામાં આવી**





ગુરુ રવિદાસના જન્મદિવસની યાદમાં 24 ફેબ્રુઆરી, 2024ના રોજ ગુરુ રવિદાસ જયંતિ મનાવવામાં આવી હતી. આ તહેવાર ઉત્તર–ભારતમાં ખાસ કરીને પંજાબમાં ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. આ દિવસ ભારતીય કવિ–સંત રવિદાસનો જન્મદિવસ છે અને માઘ પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે. ગુરુ રવિદાસ અથવા ભગત રવિદાસ એક પ્રખ્યાત સંત હતા, ભક્તિ ચળવળમાં તેમના યોગદાન માટે યાદ કરવામાં આવે છે. તેઓ સંત કબીરના સમકાલીન હતા. તેમનો જન્મ ઉત્તરપ્રદેશના સીર ગોવર્ધનપુર ગામમાં થયો હતો. તેઓ માનવ અધિકારના હિમાયતી અને પ્રગતિશીલ વિચારક હતા. જેમણે તેમની કવિતાઓ અને આધ્યાત્મિકતા પર આધારિત ઉપદેશો દ્વારા સમાનતાનો સંદેશ ફેલાવ્યો હતો.

➤ **DRDOએ ટેક્નોલોજી ટ્રાન્સફર કરાર પર હસ્તાક્ષર કર્યા**

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)એ ઈલેક્ટ્રોનિક્સ, લેસર ટેક્નોલોજી, કોમ્બેટ વ્હીકલ, નેવલ સિસ્ટમ્સ અને એરોનોટિક્સ સહિતના ડોમેન્સમાં 22 ઉદ્યોગોને ટેકનોલોજી (LATOT) ટ્રાન્સફર કરવા માટે 23 લાઈસન્સિંગ કરારો એનાયત કર્યા છે. પુણેમાં મહારાષ્ટ્ર MSME ડિફેન્સ એક્સપો 2024માં આયોજિત DRDO ઉદ્યોગની બેઠક દરમિયાન આ લાયસન્સ સોંપવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **મેલાનોક્લામિસ દ્રોપદી**



ઝુઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI)એ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના નામ પર રુબી રેડ સ્પોટેડ હેડ–શિલ્ડ સી સ્લગની નવી દરિયાઈ પ્રજાતિનું નામ આપ્યું છે. જે પશ્ચિમ બંગાળ અને ઓડિશાના દરિયાકિનારા પર મળી આવ્યું હતું, જેને મેલેનોક્લામીસ દ્રોપદી નામ આપવામાં આવ્યું છે. મેલાનોક્લોમીસ જીનસમાં જાતિઓની શારીરિક લાક્ષણિકતાઓમાં ટૂંકા, મંદ, નળાકાર શરીર તેમજ બે સમાન અથવા અસમાન ડોર્સલ કવચ સાથેની સરળ ડોર્સલ સપાટીનો સમાવેશ થાય છે. આ પ્રજાતિનું સંવર્ધન નવેમ્બર અને જાન્યુઆરી વચ્ચે જોવા મળે છે.

➤ **ઘરગથ્થુ વપરાશ ખર્ચ સર્વે (HCES) 2022-23**

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે (MoSPI)એ તાજેતરમાં 2022-23 દરમિયાન રાષ્ટ્રીય આકંડાકીય કાર્યાલય દ્વારા હાથ ધરવામાં આવેલા નવીનતમ રાષ્ટ્રવ્યાપી ઘરગથ્થુ વપરાશ ખર્ચ સર્વે (HCES)ની હાઈલાઈટ્સ બહાર પાડી હતી. ઘરગથ્થુ વપરાશ ખર્ચ સર્વેક્ષણો પાંચ વર્ષના અંતરાલ પર હાથ ધરવામાં આવે છે. સરકારે ઉચ્ચ મૂલ્યની ચલણીનોટો અને માલ તથા સેવાઓના ડિમોમેટાઈઝેશનના અમલીકરણ પછી જુલાઈ 2017-જૂન 2018 માટે તેના 75મા રાઉન્ડના સર્વેક્ષણોના પરિણામ જાહેર કર્યા ન હતા. તેમાં જણાવ્યું હતું કે વપરાશ પેટર્નના સ્તર તેમજ પરિવર્તનની દિશામાં નોંધપાત્ર તફાવત છે. આ સર્વેક્ષણ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ખોરાક, શિક્ષણ આરોગ્ય, વાહનવ્યવહાર વગેરે જેવી કેટેગરીઝ પર ઘરગથ્થુ ખર્ચનો વિગતવાર ડેટા એકત્રિત કરે છે. અહેવાલ દર્શાવે છે કે 11 વર્ષના સમયગાળા દરમિયાન ગ્રામીણ વપરાશ ખર્ચ શહેરી વપરાશ ખર્ચ કરતા વધુ વધ્યો છે. સર્વે મુજબ માથાદીઠ ગ્રામીણ સરેરાશ માસિક વપરાશ ખર્ચ 2011-12માં 1430 રૂપિયા પ્રતિ માસથી વધીને 2022-23માં 3773 રૂપિયા પ્રતિ માસ થવાની ધારણા છે, જે 164 ટકાના વધારા સાથે છે. તે 2011-12માં માથાદીઠ રૂ.2630ની સરખામણીએ 2022-23માં માથાદીઠ શહેરી સરેરાશ માસિક વપરાશ ખર્ચમાં 146 ટકાનો વધારો દર્શાવે છે. ગ્રામીણ બિન–ખાદ્ય ખર્ચમાં વધારો માસિક ગ્રામીણ વપરાશના બજેટમાં બિન–ખાદ્ય ઉત્પાદનો જેમ કે ગ્રાહક ટકાઉ વસ્તુઓનો હિસ્સો 2011-12 અને 2022-23 વચ્ચે 47%થી વધીને 54% થયો છે, જ્યારે ખાદ્ય પદાર્થનો હિસ્સો 53%થી ઘટીને 46% થયો છે. અહેવાલ મુજબ ગ્રામીણ વસતીના નીચેના 5 ટકા લોકોનો માથાદીઠ સરેરાશ માસિક વપરાશ ખર્ચ રૂ.1373 છે, જ્યારે શહેરી વસતીના નીચેના 5 ટકા લોકો માટે તે રૂ.2001 છે.

➤ **ભારતની ભાષાના એટલાસ બનાવવામાં આવશે**

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય હેઠળની એક સવાયત સંસ્થા 'ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટસ (IGNCA)' એ ભારતની 'ભાષા એટલાસ' બનાવવા માટે સમગ્ર દેશમાં ભાષાકીય સર્વેક્ષણ હાથ ધરવા માટે પ્રસ્તાવ મૂક્યો છે, જે એક અખિલ ભારતીય ભાષા મેપિંગ પ્રોજેક્ટ છે. ભાષાકીય સર્વેક્ષણ વિવિધ પ્રદેશોમાં લોકો દ્વારા બોલાતી ભાષાઓ અને તેમની સાથે સંકળાયેલી સ્થાનિક બોલીઓના વ્યવસ્થિત દસ્તાવેજો અને સૂચિ બનાવે છે. IGNCA દ્વારા પ્રસ્તાવિત સર્વેનો ઉદ્દેશ્ય કેટલી ભાષાઓ બોલાય છે અને કયા રાજ્યો અને પ્રદેશોમાં બોલાય છે તે ગણતરી કરવાનો છે.

➤ **નાણાકીય સાક્ષરતા સપ્તાહ (FLW) 2024**

ભારતની કેન્દ્રીય બેંક RBI 26 ફેબ્રુઆરી થી 1 માર્ચ, 2024 સુધી 'ગેટ અ સ્ટાર્ટ ઓફ–બી ફાઈનાન્શિયલી સ્માર્ટ' થીમ પર નાણાકીય સાક્ષરતા સપ્તાહ (FLW) 2024ની ઉજવણી કરી રહી છે. ભારતીય રિઝર્વ બેંકની વિકાસલક્ષી ભૂમિકામાં નાણાકીય સમાવેશ અને શિક્ષણ એ બે મહત્ત્વપૂર્ણ ઘટકો છે. તેણે નોંધપાત્ર પ્રમાણમાં સાહિત્ય તૈયાર કર્યુ છે અને તેને તેની વેબસાઈટ પર 13 ભાષાઓમાં બેંકો અને અન્ય હિતધારકો ડાઉનલોડ કરવા અને ઉપયોગ કરવા માટે અપલોડ કર્યુ છે. આ પહેલનો હેતુ નાણાકીય ઉત્પાદનો અને સેવાઓ, સારી નાણાકીય પ્રથાઓ, ડિજિટલ અને ગ્રાહક સુરક્ષા વિશે જાગૃતિ લાવવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **પાકિસ્તાનના પ્રથમ મહિલા મુખ્યમંત્રી : મરિયમ નવાઝ**

27 ફેબ્રુઆરી, 2024ના રોજ પાકિસ્તાન મુસ્લિમ લીગ–નવાઝ (PML-N)ના મરિયમ નવાઝ ઈમરાન ખાન સમર્થિત ઉમેદવારને હરાવીને 371 સભ્યોની વિધાનસભામાંથી 220 મત મેળવીને પંજાબ પ્રાંતના મુખ્યમંત્રી તરીકે ચૂંટાઈ આવ્યા હતા. આ સાથે તેમણે રાજકીય રીતે કોઈપણ પ્રાંતનું નેતૃત્વ કરનાર પાકિસ્તાનની પ્રથમ મહિલા બનીને નોંધપાત્ર સિદ્ધ હાંસલ કરી છે.



1. ફેબ્રુઆરી, 2024માં દુબઈ સત્તાવાળાઓએ ભારતીય નાગરિકો માટે _____ વર્ષની મલ્ટિપલ એન્ટ્રી વિઝા લોન્ચ કર્યા છે. – 5
2. ભારતની પ્રથમ 'ગતિ શક્તિ રિસર્ચ ચેર'ની સ્થાપના કઈ સંસ્થામાં કરવામાં આવી છે ? – IIM શિલોંગ
3. તાજેતરમાં ચર્ચામાં રહેલું ગુજરાઈ સોલાર પાવર સ્ટેશન કયા રાજ્યમાં આવેલું છે ? – ઉત્તરપ્રદેશ
4. 2023 માટે વૈશ્વિક સાયબર ક્રાઈમ રિપોર્ટમાં ભારતનું રેન્કિંગ શું હતું ? – 80
5. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ કાલી ટાઈગર રિઝર્વ કયા રાજ્યમાં આવેલું છે ? – કર્ણાટક
6. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલો અટ્ટુકલ પોંગલા તહેવાર કયા રાજ્યમાં ઉજવવામાં આવે છે ? – કેરળ
7. તાજેતરમાં બિહાર રાજ્ય સરકારે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે કઈ બેંક સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – SIDBI
8. સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (SECI)એ કયા રાજ્યમાં ભારતની સૌથી મોટી બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ સફળતાપૂર્વક કાર્યરત કરી છે ? – છત્તીસગઢ
9. તાજેતરમાં કયા રાજ્યએ પશ્ચિમ ઘાટમાં પર્પલ ફ્રોગને બચાવવા માટે વિશેષ ભંડોળની સ્થાપના કરી છે ? – તમિલનાડુ
10. 'પર્પલ ફેસ્ટ' ઈવેન્ટ મુખ્યત્વે કયા જૂથ પર કેન્દ્રિત છે ? – વિકલાંગ વ્યક્તિઓ
11. વિમર્શ 2023 5G હેકાથોન માટે સ્ક્રીનિંગનો અંતિમ તબક્કો કયાં યોજાયો હતો ? – IIT મદ્રાસ
12. 'સેન્ટ્રલ રિસર્ચ' ઈન્સ્ટિટ્યૂટ ઓફ યોગ એન્ડ નેચરોપેથી'નું ઉદ્‌ઘાટન કયા રાજ્યમાં થયું હતું ? – હરિયાણા
13. ભારતીય સેનાએ કયા ભારતીય રાજ્યમાં મહિલા કૌશલ્ય વિકાસ પહેલ શરૂ કરી છે ? – મણિપુર
14. ભારતીય–અમેરિકન જનરલ અશ્વિન રામાસ્વામી કયા રાજ્યની સેનેટ બેઠક માટે ચૂંટણી લડી રહ્યા છે ? – જ્યોર્જિયા
15. કઈ કંપનીએ બેંગ્લુરુમાં 6G સંશોધન અને વિકાસ માટે ભારતીય વિજ્ઞાન સાથે ભાગીદારી કરી છે ? – નોકિયા
16. તાજેતરમાં કયા દેશે 2030 સુધીમાં 1-5 લાખ ટન હાઈડ્રોજન ઉત્પાદન કરવાનું લક્ષ્ય રાખ્યું છે ? – વિયેતનામ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

17. ભારતમાં AI સ્ટાર્ટઅપ્સને આગળ વધારવા માટે કઈ કંપનીએ iCreate સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – માઈક્રોસોફ્ટ

18. તાજેતરમાં ભારતની પ્રથમ મહિલા પિચ ક્યુરેટર તરીકે કોણે ઈતિહાસ રચ્યો છે ? – જેસિન્થા કલ્યાણ

19. 8મો એશિયા ઈકોનોમિક ડાયલોગ ક્યાં યોજાશે ? – પુણે

20. ઓડિશાની બેરહામપુર યુનિવર્સિટીના સંશોધકોએ _____ તળાવમાં દરિયાઈ એમ્ફીપોડની નવી પ્રજાતિની શોધ કરી છે. – ચિલ્કા

21. આયુષ મંત્રાલય અને મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે સંયુક્ત રીતે _____ મિશન શરૂ કર્યુ છે, જેનો ઉદ્દેશ્ય આયુર્વેદિક હસ્તક્ષેપ દ્વારા કિશોરીઓમાં પોષણ સુધારવાનો છે. – મિશન ઉત્કર્ષ

22. કયું બંદર ગ્રીન હાઈડ્રોજન હબમાં પરિવર્તિત થવાનું છે ? – તુતીકોરીન બંદર

23. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યમાં ISROના બીજા સ્પેસપોર્ટનું ઉદ્ઘાટન કર્યુ છે ? – તમિલનાડુ

(વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તમિલનાડુમાં ISROના બીજા સ્પેસપોર્ટનો શિલાયન્સ કર્યો હતો કુલશેખરાપસ્ટ્ટનમમાં આવેલી નવી સુવિધાનો હેતુ ઉપગ્રહ પ્રક્ષેપણની વધતી જતી માંગને કાર્યક્ષમ રીતે પહોંચી વળવાનો છે)

24. જાન્યુઆરી 2024માં નાટો દ્વારા યુરોપમાં શરૂ કરવામાં આવેલ લશ્કરી કવાયતનું નામ શું છે ? – SteadFast Defendar

25. ગ્લોબલ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઈન્ડેક્સ 2024માં ભારતનો ક્રમ શું છે ? – 42

26. તાજેતરમાં દક્ષિણ અમેરિકાના કયા દેશે ડેન્ગ્યુ તાવના વધતા કેસોના કારણે આરોગ્ય કટોકટી જાહેર કરી છે ?– પેરુ

27. તાજેતરમાં રાષ્ટ્રીય આયુર્વેદ સંસ્થા (NIA)એ આયુર્વેદ અને થાઈ પરંપરાગત દવાને પ્રોત્સાહન આપવા માટે કયા દેશ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – થાઈલેન્ડ

28. તાજેતરમાં સમાચારમાં રહેલ 'BioTRIG' શું છે ? – વેસ્ટ મેનેજમેન્ટ ટેક્નોલોજી

29. કયા સ્થળે વિશ્વની સૌપ્રથમ વૈદિક ઘડિયાળનું ઉદ્ઘાટન કરવામાં આવશે ? – ઉજ્જૈન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT